647510 **BA06GujC022A** **Seat No :________**

## B.A. Semester - 6 (*CBCS*) Examination
## March/April-2024 (NEW COURSE)
## GUJ P22 Apathit: Kavya No Aswad (Core -22 (New))

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**

1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન-૧ નીચે આપેલા કાવ્યનો આસ્વાદ કરાવો. (૧૪)

તને જોઈ જોઈ તોય તું અજાણી,
(જાણે) બીજને ઝરૂખડે ઝૂકી'તી પૂર્ણિમા
ઝાઝેરો ઘૂમટો તાણી.
વ્યોમ ને વસુંધરાની કન્યા કોડામણી,
તું તો છે સંધ્યાની શોભા સોહામણી,
લોચને ભરાય તોય દૂર દૂર ધામની;
વાયુની લ્હેર સમી અંગને અડી છતાં ય
બાહુને બંધ ના સમાણી.
પોઢેલો મૃગ મારા મનનો મરુવને
જલની ઝંકોર તારી જગાવી ગૈ એહને;
સીમ સીમ રમતી તું, ના'વતી જરી કને;
સાબરનાં નીતરેલ નીર તું ભલે હો, આજ મારે તો
ઝાંઝવાનાં પાણી!

અથવા

પ્રશ્ન-૧ નીચે આપેલા કાવ્યનો આસ્વાદ કરાવો.

ફંફોસ્યું સૌ ફરીફરી અને હાથ લાગ્યું ય ખાસ્સું:
જૂનું ઝાડુ, ટૂથબ્રશ, વળી લક્સ સાબુની ગોટી,
બોખી શીશી, ટિનનું ડબલું, બાલદી ફૂખકાણી,
તૂટ્યાં ચશ્માં, ક્લિપ, બટન ને ટાંકણી, સોય-દોરો!
લીધું દ્વારે નિત લટકતું નામનું પાટિયું, જે
મૂકી ઊંધું, સુપરત કરી, લારી કીધી વિદાય.
ઊભાં છેલ્લી નજર ભરીને જોઈ લેવા જ ભૂમિ,
જ્યાં વિતાવ્યો પ્રથમ દસકો મુગ્ધ દામ્પત્ય કેરો;
જ્યાં દેવોના પરમ વરશો પુત્ર પામ્યાં પનોતો
ને જ્યાંથી રે કઠણ હૃદયે અગ્નિને અંક સોંપ્યો!
કોલેથી જે નીકળી સહસા ઊઠતો બોલી જાણે:
“બા-બાપુ! ના કશુંય ભૂલિયાં, એક ભૂલ્યાં મને કે?”
ખૂંચી તીણી સજલ દૃગમાં કાચ કેરી કણિકા!
ઉપાડેલા ડગ ઉપર શા લોહ કેરા મણીકા.

પ્રશ્ન-૨ નીચે આપેલા ગદ્યખંડનું વિવરણ કરો. (૧૪)

શિક્ષણમાં આમૂલ પરિવર્તન થવું જોઈએ. એમાં આમતેમ થાગડથીગડ કરવાથી કશું વળવાનું

નથી...સૌથી મહત્ત્વની વાત એ છે કે યુવક-યુવતીઓમાં જ્ઞાન અને હુન્નર હાંસલ કરવાની સાચી આકાંક્ષા હોય તે બહેતર અને સાર્થક શિક્ષણની પહેલી આવશ્યકતા છે. આ જાતની આકાંક્ષા ધરાવતા વિદ્યાર્થીઓ આપણે ત્યાં બહુ થોડા છે એ જોઈને મને ભારે ધક્કો લાગેલો. બાકીને તો કેવળ કોઈક શૈક્ષણિક ઉપાધિ (ડિગ્રી) મેળવવા ચાહે છે, જેનું મહત્ત્વ શૈક્ષણિક નહીં, પણ વ્યાવસાયિક મૂલ્યને કારણે છે. શિક્ષણ અને ડિગ્રીઓ પ્રત્યે માતાપિતા ને વડીલોનો પણ આ જ દૃષ્ટિકોણ છે. વિદ્યાર્થીઓ અને વડીલો પૈકી જેઓ અપવાદ છે, તેમના દ્વારા આ સામાન્ય પરિસ્થિતિમાં કાંઈ ફરક પડતો નથી.

આ વાસ્તવિકતા હોવાથી જ્યાં સુધી ડિગ્રીઓ આપવાનું બંધ કરવામાં ન આવે અથવા તો ડિગ્રીઓનો રોજગારી સાથેનો સંબંધ તોડવામાં ન આવે ત્યાં લગી શિક્ષણમાં કોઈ મૌલિક પરિવર્તન શક્ય નથી. નોકરીઓ આપનાર ચાહે સરકારી ક્ષેત્ર હોય કે ખાનગી, કામને અનુરૂપ તેઓ પોતે પરીક્ષા લઈ શકે છે. ભરતી કર્યા બાદ આવશ્યકતા હોય તો તેઓ સેવા કામ દરમિયાન વધારાના શિક્ષણ-પ્રશિક્ષણની વ્યવસ્થા કરી શકે.

અથવા

પ્રશ્ન-૨ નીચે આપેલા ગદ્યખંડનું વિવરણ કરો.

યંત્રોથી ભરેલી આપણી દુનિયાએ જે અદ્દભુત પરાક્રમો કર્યાં છે તેમાં કંઈ આપણું મનુષ્યત્વ ઝળકતું નથી. એ તો નરી કરામતો છે, ને એવી કરામતો તો અતિશય બુદ્ધિશાળી પ્રાણીઓને કેળવીને તેમની પાસે પણ કરાવી શકાય. જગતમાં યંત્રો જેટલા પ્રમાણમાં વધતાં જાય છે તેટલા પ્રમાણમાં આપણું જીવન મધમાખો ને કીડીઓના જેવું, વ્યક્તિત્વ વિનાનું બનતું જાય છે.

આજની આપણી સંસ્કૃતિમાંથી સુજનતાનો લોપ થઈ ગયેલો છે, એટલે તે આત્મા વિનાના દેહ જેવી થઈ પડી છે. તેને મગજ છે પણ હૃદય નથી, સંકલ્પબળ છે પણ આત્મા નથી. તેનું મન જાગે છે પણ આત્મા સૂતેલો છે. પાવિત્ર્યની ઉપાસનાને બદલે આપણે સત્તાની પૂજા કરતા થઈ ગયા છીએ. અને સત્તા એ એવી મદિરા છે, જેની આગળ બીજા કેફી પદાર્થો હળવા ને મનને શાંત પાડનાર ગણાય.

પ્રશ્ન-3 નીચેના માંથી કોઇ પણ એક વિષય પર નિબંધ લખો. (૧૪)

(૧) કૃત્રિમ મેધા
(૨) 'કલા કલાને ખાતર' કે 'કલા જીવનને ખાતર'
(૩) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020
(૪) મારા પ્રિય સાહિત્યકાર

પ્રશ્ન-૪ અરજી લેખન કરો. (૧૪)

ધર્મેશ ડી. માકડની, 'માતૃ કૃપા', ડી–૩૯, વિશ્વકુંજ સોસાયટી, ન્યુ જાગનાથ પ્લોટ, ઢેબર રોડ–રાજકોટથી વિવેકાનંદ આર્ટસ કોલેજ, રાયપુર દરવાજા, અમદાવાદમાં અધ્યાપક સહાયકની જગ્યા માટે ઉમેદવારી નોંધાવવા માટે અરજી કરો.

અથવા

પ્રશ્ન-૪ અરજી લેખન કરો.

વિક્રમસિંહ નિર્મલ 'ઘરદ્વાર', આઈ–૩૦૨, ગિરનાર સોસાયટી, એમજી રોડ, અમદાવાદથી પોતાના ઘરે થ્રી ફેઝ લાઈન કનેક્શન લેવા માટે એઇસી, રીલીફ રોડ, અમદાવાદમાં અરજી કરે છે આ વિગતોને ધ્યાનમાં રાખીને અરજી લેખન કરો.

પ્રશ્ન-૫ (અ) નીચે આપેલ કોઈ પણ એક વિષય ઉપર અહેવાલ લખો. (૦૭)

(1) શ્રી એન. એમ. શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ અમદાવાદ ખાતે યોજાયેલા "મતદાર જાગૃતિ અભિયાન સપ્તાહ કાર્યક્રમ' નું અહેવાલ લેખન કરો.

(2) શ્રી ઉમાશંકર જોશી આર્ટસ કોલેજ બામણા, જિલ્લો મહીસાગર ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માં એફ.વાય.બી.એ.ના વિદ્યાર્થીઓના પ્રવેશ બાદ યોજાયેલા 'આવકાર' કાર્યક્રમનું અહેવાલ લેખન કરો.

(બ) અર્થવિસ્તાર લખો. (કોઈપણ એક) (૦૭)

(1) 'તને મેં ઝંખી છે, યુગોથી ધીખેલા પ્રખર સહરાની તરસથી'.

(2) 'હું માનવી, માનવ થાવ તો ય ઘણું'

***************************